# પાલનપુર પાલિકાનું નવું સીમાંકન ઉમેદવારોને પરસેવો પડાવશે

## નવા સીમાંકન મુજબ કમિટેડ વોટબેંક વિભાજીત થતાં નવેસરથી એકડો ઘુંટવો પડશે

પાલનપુર, તા. ૩૧

પાલનપુર નગરપાલિકાનું નવું સીમાંકન જાહેર થયું છે. જેમાં ૧૧ વોર્ડ અને ૪૪ સદસ્યો રહેશે. જેની સાથે વોર્ડનો વિસ્તાર પણ વધ્યો છે. જોકે, નવા સીમાંકનથી ખાસ કરીને ભાજપના કમિટેડ વોટબેંક વિભાજીત થઈ જતાં તેમને નવેસરથી એકડો ઘુંટવો પડશે અને ચૂંટણી જીતવા માટે લોઢાના ચણા ચાવવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. પાલનપુર નગરપાલિકાનું નવું સીમાંકન જાહેર થયું છે. જેમાં જુના ૧૪ વોર્ડ ઘટાડી ૧૧ વોર્ડ કરાયા છે. જ્યારે ૪૨ સદસ્યો વધારી ૪૪ કરાયા છે.

૫૦ ટકા મહિલા અનામતના કાયદા મજુબ મહિલાઓની સંખ્યા ૨૨ રહેશે. નવા સીમાંકનમાં અનુસૂચિત જાતિ, પછાત વર્ગ, સામાન્ય વર્ગની બેઠકો અનામત રાખવામાં આવી છે. આ બધા સમીકરણોની અસર વર્તમાન સમયે સત્તાધારી પક્ષના સદસ્યો માટે મુશ્કેલી ઉભી કરનારા છે. આ અંગે રાજકીય સમીક્ષકો જણાવી રહ્યા છે કે, નગરપાલિકાનો વોર્ડ વિસ્તાર વિસ્તરતા ખાસ કરીને ભાજપના સદસ્યોની કમિટેડ મતબેંક ઉપર સીધી અસર થઈ છે. આ મતોનું વિભાજન અન્ય વોર્ડમાં થતા આગામી ચૂંટણીમાં તેમને મતદારોને મનાવવા માટે નવેસરથી એકડો ઘુંટવો પડશે. ટુંકમાં નવા સીમાંકનને કારણે આગામી પાલિકાની ચૂંટણી ભારે રસાકસીભરી બની રહેશે.

**નવા સીમાંકનની વિગતો**

કુલ વસતી :- ૧૩૬૧૨૧
વોર્ડની સંખ્યા :- ૧૧
વોર્ડદીઠ સરેરાશ વસતિ :- ૧૨૩૭૫
બેઠકોની સંખ્યા :- ૪૪, સ્ત્રી બેઠકો :- ૨૨
અનુસૂચિત જાતી માટે અનામત :- ૪ (બે મહિલા)
આદિજાતિ માટે અનામત બેઠક :- ૧ (૧ મહિલા)
પછાત વર્ગ માટે અનામત બેઠક :- ૪ (બે મહિલા)
કુલ અનામત :- ૨૭, સામાન્ય બેઠક :- ૧૭

તો બીજી તરફ રાજ્યભરમાં અનામતની માંગણીને લઈને રાજ્યભરમાં છેલ્લા કેટલાય સમયથી આંદોલન ચાલી રહ્યા છે. ત્યારે તાજેતરમાં જાહેર થયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના ગઢ ગણાતા પાટીદાર વિસ્તારમાં ગાબડુ પડે તેવી શક્યતા પ્રબળ બની રહી છે. જિલ્લા મથક પાલનપુરમાં ભાજપ ગઢ ગણાતુ વોર્ડ નં. ૧૧ ગણેશપુરા વિસ્તારમાં પાટીદારનું વર્ચસ્વ હોવાથી આ વિસ્તારના મતદારો ભાજપથી દૂર રહેશે જેનો સીધો ફાયદો કોંગ્રેસને થશે. તેમજ વોર્ડ નં. ૮ આબુ હાઈવે હનુમાન ટેકરી વિસ્તારમાં પાટીદાર અને બ્રહ્મસમાજ નેતાની પેનલ તૈયાર કરી કોંગ્રેસ પક્ષમાંથી ચૂંટણી લડશે તેવી રાજકીય સુત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જ્યારે વોર્ડ નં. ૯ બેચરપુરા સહિત અન્ય વિસ્તારમાં પણ પાટીદારનું પ્રભુત્વ હોવાથી કોંગ્રેસને સીધો ફાયદો થશે.

હાલમાં પાલિકાની ચૂંટણીને લઈને ભાજપના એક વરિષ્ટ નગર સેવક વર્ષોથી ચૂંટણી લડી માત્ર જીત જ હાંસલ કરી છે. અપક્ષમાંથી પણ ચૂંટાઈ આવ્યા બાદ ભાજપને સમર્થન આપ્યું હતું જો કે ભાજપના આગેવાનોથી નારાજ હોવાથી પાટીદારના સમર્થનથી કોંગ્રેસમાં જોડાઈને ચૂંટણી લડે તેવી ચર્ચા પાલનપુરમાં ટોક ઓફ ધ બની છે.

## મોડાસામાં સ્થાનિક તંત્ર અને રાજકીય નેતાઓને સરદાર પટેલ જયંતિ ઉજવવાની ફુરસદ પણ નહોતી



મોડાસા, તા. ૩૧

મોડાસા નગરના ઓધારી તળાવની મધ્યે નગરપાલિકા દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાની અનાવરણ વિધિ કેટલાક સમય પહેલાં કરાયેલી હતી. આજે સરદાર જયંતિ નિમિત્તે સમગ્ર રાષ્ટ્રમાં સરદાર સાહેબની સ્મૃતિમાં કાર્યક્રમોનું આયોજન થયેલ હતું. દુઃખદ આશ્ચર્ય એ છે કે મોડાસા નગરમાં આવેલ આ સરદારશ્રીની પ્રતિમાની દરકાર લેવાની તંત્ર, નગરપાલિકા કે રાજકીય પક્ષોને ફુરસદ નહોતી.

ગામની સ્વૈચ્છિક અને સામાજિક સંસ્થાઓએ અખંડ ભારતના શિલ્પીને ફૂલહાર અર્પણ કરી, રાષ્ટ્રીય એકતા ઝીંદાબાદના નારા લગાડી વાતાવરણને દેશભક્તિમય બનાવી દીધુ હતુ. આ તબક્કે જાયન્ટસ અને મારૂતી વિકાસ મંડળના પ્રમુખ નિલેષ જોષી, શબ્દસેતુના પ્રમુખ ડૉ. જિજ્ઞેશ સુથાર, જેસીઝના પૂર્વ પ્રમુખ સુરેન્દ્ર શાહ, ધર્મેન્દ્ર ત્રિવેદી, ઉસ્માનગની બાયકિયા, હિતેન્દ્ર જોષી, પંકજસિંહ વિગેરે ખાસ ઉપસ્થિત રહી, સરદાર સાહેબના માર્ગે રાષ્ટ્ર વિકાસ કરે તે માટે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## બનાસકાંઠામાં સરદાર પટેલ જન્મ જયંતિની ઉજવણી

**ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે શનિવારે બનાસકાંઠા જિલ્લામાં પુષ્પાંજલિના કાર્યક્રમો યોજાયા હતા**

ડીસા, તા. ૩૧

ભારતના લોખંડી પુરૂષ તેમજ દેશના જુદા જુદા રજવાડાને એક કરી સુરાજ્યની સ્થાપના કરનાર સમગ્ર દેશને એક સૂત્રમાં જોડનારા સરદાર વલ્લભભાઈ પટલેની શનિવારે જન્મ જયંતિ હતી. આ પ્રસંગે પાલનપુર, ડીસા, થરાદ, વાવ, અમીરગઢ, દાંતા, દાંતીવાડા, વડગામ, કાંકરેજ, ભાભર, દિયોદર સહિતના સેન્ટરોમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા તેમજ છબીને ફૂલહાર ચઢાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લા, તાલુકા તેમજ શહેર ભાજપ દ્વારા સરદાર વલ્લભભાઈને શ્રદ્ધાસુમન અર્પણ કરાયા હતા. જેમાં જુના ગંજબજારમાં આવેલી તેમની પ્રતિમાને ફૂલહાર પહેરાવવામાં આવ્યા હતા. જેમાં પાલનપુર હેડ ક્વાટર્સથી કલેક્ટર કચેરી સુધી યોજાયેલી રન ફોર યુનિટીની દોડમાં જિલ્લા કલેક્ટર, પોલીસ વડા સહિતના અધિકારીઓ પણ જોડાયા હતા. જ્યારે પાટીદાર સમાજના યુવાનોએ બાઈક રેલી યોજી સરદાર પટેલની પ્રતિમાને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. વળી જિલ્લા ભાજપ મોરચો અને તેમના કાર્યકરોએ તથા કોંગ્રેસ કાર્યકરોએ પણ દિવંગત નેતા સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પી હતી.





જ્યારે ડીસામાં લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી પ્રસંગે જાગૃતિ ટ્રસ્ટ અને શહેર કોંગ્રેસ દ્વારા પુષ્પમાળા અર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી. જેમાં અશ્વિનભાઈ પરમાર, દીપક પટેલ, પ્રકાશભાઈ ભરતીયા સહિતના કાર્યકરોએ સાઈબાબા મંદિર ખાતે આવેલી સરદાર પટેલની પ્રતિમાને ફૂલહાર પહેરાવી શ્રદ્ધા-સુમન અર્પણ કર્યા હતા. જ્યારે આજના શ્રદ્ધા-સુમનના કાર્યક્રમમાં ડીસા ભાજપ પક્ષના હોદેદારો પણ જોડાયા હતા જેમને પણ સરદાર વલ્લભભાઈને યાદ કરી સૂત્રોચ્ચાર કરી તેમના દેશ સેવાના કાર્યોને બિરદાવી તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પિત કરી હતી.

ભારતના લોખંડી પુરૂષ તરીકે ઓળખાતા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે ધાનેરા માર્કેટયાર્ડ ખાતે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ધાનેરા શહેર ભાજપ અને તાલુકા યુવા ભાજપ તેમજ કોંગ્રેસ કાર્યકરો દ્વારા શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા હતા.

થરાદ માર્કેટયાર્ડ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ પ્રસંગે કોંગ્રેસ અને ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો સાથે બનાસ બેન્કના ડીરેક્ટર સહિતના આગેવાનોએ સરદાર પટેલની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી હતી.

આમ, સમગ્ર જિલ્લામાં શનિવારે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતીની રાષ્ટ્રીય પર્વની જેમ ઉજવણી કરી હતી.

## પ્રાંતિજમાં સરદાર જયંતિની ઉજવણી કરાઈ

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે લોખંડી પુરૂષ સરદાર પટેલ સાહેબની ૧૪૦મી જન્મ જયંતી નિમિત્તે પ્રાંતિજ તથા આજુબાજુમાં રહેતા પટેલ સમાજના ભાઈ બહેનો દ્વારા તથા નગરપાલિકા દ્વારા પ્રતિમાને સુતરની આંટી તથા ફૂલોની માળા પહેરાવી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી.




પ્રાંતિજ નાની ભાગોળ ખાતે આવેલ સરદાર પટેલ ચોકમાં સરદાર પટેલ સાહેબની પ્રતિમાને ગંગાજળથી શુધ્ધિકરણ કરી પટેલ સમાજના ભાઈ બેહનો આગેવાનો યુવાનો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જ્યારે નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, ઉપપ્રમુખ પંકજભાઈ મોદી, શહેર પ્રમુખ સતિષભાઈ પંડ્યા, મંત્રી વિજયભાઈ પટેલ, મહેબુબભાઈ તથા નગરપાલિકા કોર્પોરેટરો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જ્યારે આ પ્રસંગે પ્રાંતિજ ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત ડોર ટુ ડોર ઘન કચરો ઉઘરાવવા માટેના વાહનોને પ્રમુખના હસ્તે લીલી ઝંડી આપી આજથી આરંભ કરવામાં આવ્યો હતો.

## કોટડા (દિ) ગામ પાસેથી ત્રણ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

દિયોદર, તા. ૩૧

દિયોદર તાલુકાના કોટડા (દિ)થી દેલવાડા માર્ગ ઉપરથી પોલીસે ખાનગી બાતમીના આધારે વૉચ ગોઠવી ત્રણ લાખ ઉપરાંતનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. જેમાં દારૂની હોમ ડિલીવરી કરતો બુટલેગર પોલીસને ચકમો આપી ફરાર થઈ જતા પોલીસે અજાણ્યા વ્યક્તિ વિરૂદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી માહિતી મુજબ દિયોદર તાલુકાના કોટડા(દિ)થી દેલવાડા તરફ જતા માર્ગ ઉપરથી વિદેશી દારૂ ભરેલી ગાડી પસાર થતી હોવાની ખાનગી બાતમી દિયોદર પોલીસને મળતા પી.એસ.આઈ. જે.બી. આસોડિયા તેમના સ્ટાફ સાથે વૉચ ગોઠવી હતી. જેમાં કોટડા(દિ)ના માર્ગ ઉપરથી આવતી જીજે-૮એફ.૪૮૨૧ નંબરની ગાડી રોકાવી હતી. જેમાં ગાડી ચાલકે પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયો હતો. પોલીસે ગાડીમાં તપાસ કરતા અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૧૨૦૦ બોટલ કિંમત ૧.૨૦ લાખ તથા ગાડી કિંમત ૨ લાખ કુલ મળી ૩.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કરી અજાણ્યા ઈસમ વિરૂદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ખેડબ્રહ્મામાં સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

### પાલિકામાં સત્તાધારી પક્ષ કોંગ્રેસ તથા વિપક્ષ ભાજપે અલગ અલગ કાર્યક્રમનું આયોજન કર્યું

ખેડબ્રહ્મા, તા. ૩૧

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે સરદાર ચોકમાં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૦મી જન્મજયંતિ નિમિત્તે સરદાર ચોકમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કોંગ્રેસ તથા ભાજપ દ્વારા અલગ સૂતરની આંટી પહેરાવી શ્રદ્ધાંજલિ આપી હતી. જ્યારે બે કલાક બાદ પાલિકામાં સત્તાધારી પક્ષ કોંગ્રેસે સરદારની પ્રતિમાની દૂધ અને પાણીથી



પટેલની પ્રતિમાને દૂધ તથા પાણીથી સફાઈ કરી સૂતરની આંટી પહેરાવી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જેમાં ભાજપ તથા કોંગ્રેસ પક્ષ દ્વારા અલગ અલગ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. જેથી નગરજનોમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

અખંડ ભારતના શિલ્પી સરદાર અલગ કાર્યક્રમ યોજાતાં લોકોમાં આશ્ચર્ય ફેલાયું હતું. સવારે આઠ વાગે ભાજપના જસુભાઈ પટેલ, નારાયણદાસ બારોટ, વિનોદભાઈ પટેલ, હિતેષભાઈ દિક્ષિત, અરવિંદભાઈ ઠક્કર, ગોવિંદભાઈ સહીતના પાલિકાના સદસ્યો તથા કાર્યકરોએ સરદાર પટેલની પ્રતિમાને સફાઈ કરી સૂતરની આંટી પહેરાવી શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે પાલિકાના પ્રમુખ સાગરભાઈ પટેલ, ઉપપ્રમુખ ગોપાલભાઈ રાવલ, કારોબારીના ચેરમેન પ્રવિણસિંહ સોલંકી, સદસ્ય અમીત શર્મા સહીત પાલિકાના સદસ્યો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## હિંમતનગર લાયન્સ કલબ દ્વારા શરદપૂર્ણિમા ગરબા મહોત્સવ યોજાયો

હિંમતનગર, તા. ૩૧

લાયન્સ કલબ ઓફ હિંમતનગર ડીવાઈન દ્વારા વેદાન્તા પબ્લીક સ્કૂલ ગાયત્રી મંદિર રોડ ખાતે શરદપૂર્ણિમા ગરબા મહોત્સવ તથા ૧૦૦૮ દીવડાની ભવ્ય આરતીનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે પરમ પૂજ્ય રાષ્ટ્રીય સંત સંજય મુનીજી મહારાજની વિશિષ્ટ ઉપસ્થિતિ રહી હતી. તથા મહારાજ દ્વારા લાયન્સ કલબની સેવાકીય પ્રવૃત્તિઓની પ્રશંતા કરી આર્શીવચન પાઠવ્યા હતા. આ ગરબા મહોત્સવમાં ખેલૈયાઓએ ટ્રેડીશનલ ડ્રેસ પહેરી માતાજીના ગરબામાં આનંદમય બની ગરબાના તાલે સર્વે ઝુમી ઉઠ્યા હતા. લાયન્સ કલબ દ્વારા ખેલૈયા પ્રતિ યોગીતા રાખી ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યા હતા. આ ગરબા મહોત્સવમાં લાયન્સ કલબ, લાયોનેસ તથા લીયો કલબ હિંમતનગર ડીવાઈનના મેમ્બર સહ પરિવાર જોડાઈ કાર્યક્રમને સાર્થક બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં લાયન્સ કલબ પ્રમુખ બ્રિજેશ પટેલ, મંત્રી મોહનભાઈ નાયી, કાજલબેન દોશી, અર્ચનાબેન સોની, ભરતભાઈ શાહ, રમેશભાઈ શાહ, કે.પી. પંડ્યા, ડી.એલ. પટેલ, ડૉ. ધીરૂભાઈ અમીન, ભાવનાબેન, નીતીનભાઈ, અસીમભાઈ વગેરે સભ્યો હાજર રહેલ હતા.

## મેઘરજના જરૂરિયાતમંદ આદિવાસીઓ માટે મુંબઈના દાતાનો સેવાયજ્ઞ

ઈસરી, તા. ૩૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના પછાત આદીવાસી વિસ્તાર એવા કસાણા તેમજ આદીવાસી ગ્રામ્ય વિસ્તારોના ગરીબ, વિધવા, ત્યકતા, અપંગ નિરાધાર લોકોને મુંબઈના વૈષ્ણવદાતાએ વિવિધ રાહતો દ્વારા સેવા પ્રવૃત્તિની ભેખ ધરી ગરીબ આદીવાસીઓને પગભર કરવા પ્રવૃત્તિ ચલાવ્યાના ઘટનાઓ સમગ્ર પંથકમાં રાહતની લાગણી ફેલાઈ છે. મુંબઈના રહીશ અને ગરીબ પરિવારમાં ઉછરેલા વાડીભાઈ દોષીએ ૧૦ વર્ષની ઉંમરે પોતાના મા-બાપની છત્રછાયા ગુમાવ્યા બાદ સમગ્ર પરિવારની જવાબદારી વાડીભાઈના માથે પહોંચી હતી.

વાડીભાઈ દોષી સેવા મંડળ કસાણા ખાતે આવી આજુબાજુના વિસ્તારમાં દીવસ રાત પગપાળા ફરી આ વિસ્તારમાં થઈ રહેલી પ્રવૃત્તિઓની માહિતી મેળવી હતી. અને મેઘરજ તાલુકાના આદિજાતિ પછાત વિસ્તારના પરિવારોની દુર્દશા જોઈને શ્રીદોષી તાત્કાલિક મેઘરજ તાલુકાના ૭૦ જેટલા ગામડાઓમાં પછાત વર્ગના ૩૫ છાત્રાલયોમાં, ૫૦૦૦ ધાબળા, ૨૦૦૦ સાડીઓ, ૪૦૦૦ મીટર શર્ટનું કાપડ, ૭૦૦ જેટલા સ્વેટરોનું ૪ દિવસમાં અર્પણ કરી વિતરણ કર્યું હતું. વાડીભાઈ દોષીએ પોતાના જીવનમાં મહાત્મા ગાંધી વિનોબા, રવિશંકર મહારાજ જેવા દિગ્ગજ પ્રેરણાદાયી બની આ પછાત આદીવાસી વિસ્તારની સેવાઓ કરી હતી. સાથે સાથે વાડીભાઈ દોષીએ છેલ્લા ૧૫ વર્ષથી ગુજરાત તથા મહારાષ્ટ્રના અતિપછાત વિસ્તારના બાળકોને જરૂરીયાત મુજબ સહાય પણ કરી રહ્યા છે.

## ભિલોડાના સુનસર છાપરામાં યુવતીએ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

ભિલોડા,તા.૩૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુનસર છાપરામાં યુવતીએ પ્રેમી સાથે લગ્ન ન થતાં ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવતાં ચકચાર મચી જવા પામી છે.

ભિલોડા પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ મેઘરજ તાલુકાના શાંતિપુરા ગામની યુવતીને મેઘરજ તાલુકાના પંચાલ ગામના યુવાન સાથે પ્રેમ સબંધ બંધાયો હતો. અગમ્ય કારણોસર પ્રેમી યુવાન સાથે યુવતીના લગ્ન કોઈ પણ કારણોસર નહી થતાં યુવતીને એકા-એક મનમાં લાગી આવતા ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ સુનસર છાપરાં ગામમાં વર્ષાબેન ડોડીયાર,આશરે ઉંમર વર્ષ-૨૨ એ ઝાડ ઉપર દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ લેતાં ચકચાર મચી જવા પામી છે.



સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં સરદાર ભવનમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૦મી જન્મજયંતી, રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે ઉજવણી અને ભાવાંજલી આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા સરદાર ભવન, રાધા-કુંજ શોપીંગ સેન્ટરમાં અમિતભાઈ ત્રિવેદી, પ્રવિણભાઈ પટેલ, દેવુભાઈ પંડ્યા સહિત અગ્રણી આગેવાનો, વેપારીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.